બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

કુલ ગુણ - ૧૦૦

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## (વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ચોવીસમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમારો આ પુત્ર પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરશે.'' (૪/૭)
➩ માર્કંડેય મુનિ - ધર્મદેવને
➩ પ્રભુનું નામ પાડી ભવિષ્યવાણી કરતાં કહે છે.
૨. ''તું અમને વહાણ જુદું ભાડે કરી આપ.'' (૩૪/૬૧)
➩ ઘનશ્યામ - ખલાસીને
➩ અયોધ્યા જતાં સરયુ નદી પાર કરવા માટે વહાણમાં સૌની ભેગા બેસવું ન હતું ત્યારે.
૩. ''આજ પછી મારી કોઈ ફરિયાદ નહિ આવે.'' (૪૫/૮૧)
➩ ઘનશ્યામ - મોટાભાઈને (રામપ્રતાપભાઈ)
➩ મલ્લોના માતા-પિતાની ફરિયાદ સાંભળીને રામપ્રતાપભાઈએ જ્યારે ઘનશ્યામને ઠપકો આપ્યો ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના માતા-પિતાનું નામ શું હતું ? (૧/૨)
જ. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના માતાનું નામ ભક્તિમાતા અને પિતાનું નામ ધર્મદેવ હતું.
૨. આંબાવાડીમાં આવેલ બ્રાહ્મણોના ટોળાનો આગેવાન કોણ હતો ? (૧૭/૨૬)
જ. આંબાવાડીમાં આવેલ બ્રાહ્મણોના ટોળાનો આગેવાન રામદત્ત હતો.
૩. ઘનશ્યામને કેટલા વર્ષે જનોઈ આપી ? (૩૨/૫૭)
જ. ઘનશ્યામને સાત વર્ષે જનોઈ આપી.
૪. કોણે કૌશિક નામના રાક્ષસને ઘનશ્યામને મારી નાખવા મોકલ્યો ? (૪૬/૮૧)
જ. કાલિય નામના અસુરના સરદારે કૌશિક નામના રાક્ષસને ઘનશ્યામને મારી નાખવા મોકલ્યો.

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧. બધી રસોઈ જમી ગયા :** ઘનશ્યામ આટલા બધા માણસની રસોઈ જમી ગયા છે. બધાં વાસણ ખાલી કરી નાખ્યાં. માટે ફરીથી રસોઈ બનાવવી પડશે. (૩૬/૬૫)

**૨. વાળંદને ચમત્કાર :** ઘનશ્યામે નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. ધર્મપિતાએ બ્રાહ્મણોને દાન આપ્યું. સૌને પતાસાં વહેચ્યાં. (૧૦/૧૬)

**૩. નવી બત્રીસી :** ઘનશ્યામની થાળીમાં શીરો પીરસ્યો. ઘનશ્યામે થોડોક શીરો નાનાભાઈ ઈચ્છારામને આપ્યો. બે કોળિયા શીરો ખાધો. બાકીનો પડતો મૂકી ઘનશ્યામે હાથ ધોઈ નાખ્યા. (૨૭/૪૭)

**૪. હજારોને જમાડ્યા અને અભિમાન તોડ્યું :** આટલા બધા બાવાઓને સીધું કેમ આપવું ? એ બીકથી ગામનો ધણી મોતીભાઈ તરવાડી તો બીજે ગામ ચાલ્યો ગયો. (૨૯/૫૦)

**પ્ર.૪ નીચેના આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. પુત્રની પરીક્ષા (૫/૭-૮)**

૧. ધર્મદેવને એક વખત પુત્રની પરીક્ષા લેવાનું મન થયું.

૨. ભક્તિમાતા પાસે બાજોઠ મંગાવી તેના પર રેશમી વસ્ત્ર પાથરી તેના પર એક પુસ્તક, એક સોનામહોર અને એક નાની તલવાર મૂકી.

૩. આ ત્રણ વસ્તુઓ મૂકીને તેઓ જોવા લાગ્યા કે પ્રભુ કઈ વસ્તુ ઉપાડે છે ?

૪. પારણામાંથી ઊતરીને ઘનશ્યામપ્રભુએ બાજોઠ પર મૂકેલું પુસ્તક હાથમાં ઉપાડી લીધું.

૫. આ જોઈને ધર્મપિતા તેમજ ભક્તિમાતાને ખાતરી થઈ કે આ પુત્ર ચોક્કસ ભણીગણીને વિદ્વાન થશે.

**૨. મુમુક્ષુ કઈ દિશામાં છે ? (૧૮/૨૮-૨૯)**

૧. છપૈયા ગામની બહાર આવેલ પીપળાના ઝાડ પર ચડી ઘનશ્યામ પશ્ચિમ દિશા તરફ જોતાં ઝાડ પર બેસી રહે.

૨. એક દિવસ વેણીએ ઘનશ્યામના ખભે હાથ મૂકીને પૂછ્યું : તમે ઝાડ પર ઊંચે ચડીને પશ્ચિમ દિશા તરફ શું જોયા કરો છો ?

૩. ત્યારે ઘનશ્યામે કહ્યું : હું તો મુમુક્ષુઓ કઈ દિશામાં છે તે જોઉં છું. આપણા ગામથી હજારો ગાઉ દૂર પશ્ચિમમાં ગુજરાત, કાઠિયાવાડમાં કેટલાય મુમુક્ષુઓ ભગવાનને મળવા તલસી રહ્યાં છે.

૪. મારે એક દિવસ અહીંથી ત્યાં જ જવું છે.

૫. હિમાલયના પવિત્ર સ્થળો અને ભારતના તીર્થો જોવાં છે, પણ રહેવું તો કાઠિયાવાડમાં જ છે, ત્યાંના ભક્તો મને પુકારે છે.

**૩. નિત્યક્રમ (૪૨/૭૫-૭૬)**

૧. ઘનશ્યામ રોજ સવારે ચાર વાગે ઊઠી જાય. પથારીમાં ભગવાનનું સ્મરણ કરે.

૨. સરયૂના કિનારે દાંત સાફ કરે, શૌચ ક્રિયા પતાવે અને નદીમાં નાહી લે, પછી સ્વચ્છ કપડાં પહેરી પૂજા કરે.

૩. ગાયનું દૂધ પીને ધર્મપિતા આગળ વ્યાકરણ, ન્યાય, ધર્મશાસ્ત્ર, વેદો, ઉપનિષદો, ગીતા, સાંખ્ય, યોગ વેદાંત વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરવા બેસી જાય. ધ્યાનથી ભણે. નવ વાગે અયોધ્યાના દરેક મંદિરે દર્શન કરી ને કથા સાંભળે, જમીને સ્વાધ્યાય કરે.

૪. ત્રણ વાગે નદીએ નાહીને મિત્રો સાથે દેવમંદિરોમાં દર્શન કરીને હનુમાન ગઢીએ સંધ્યા આરતી કરી ઘરે આવી વાળુ કરે.

૫. રાત્રે ધર્મપિતા પાસે રામાયણ, મહાભારત, પુરાણોના કથા-પ્રસંગો સાંભળી સૂઈ જાય.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૪ (૩૩/૬૦)  **૨.** ૨, ૪ (૨૦/૩૧-૩૨)  **૩.** ૧, ૪ (૨૮/૫૦)  **૪.** ૩, ૪ (૩૧/૫૬-૫૭)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રામદયાળને ચોક્કસ ખાતરી થઈ કે ઘનશ્યામ ભગવાન જ છે. (૩/૫-૬)

જ. પારણાથી દૂર પડેલી ચૂસણી અઢી માસના ઘનશ્યામે નીચે ઊતરી ઘૂંટણભર ચાલતા જઈને લઈ લીધી અને પાછા પારણામાં આવી બેસી ગયા. આ દૃશ્ય રામદયાળે જોયું અને તેઓ પારણા પાસે ગયા તો પ્રભુના શરીરમાંથી તેજનાં કિરણો નીકળ્યાં ને આખો ઓરડો તેજથી ભરાઈ ગયો. તેથી તેમને ચોક્કસ ખાતરી થઈ કે ઘનશ્યામ ભગવાન જ છે.

૨. માછીમાર 'બચાવો, છોડાવો'ની બૂમો પાડવા લાગ્યો. (૧૩/૨૧)

જ. ઘનશ્યામ પર ગુસ્સે થઈ મારવા દોડેલા માછીમારને યમરાજાએ યમપુરી અને નરકનાં દુ:ખો દેખાડ્યાં, યમદૂતો આગળ માર ખવડાવ્યો. તેથી માછીમાર 'બચાવો, છોડાવો'ની બૂમો પાડવા લાગ્યો.

૩. ધર્મદેવ, રામપ્રતાપ અને ઘનશ્યામને લઈ જંગલમાં ગયા. (૩૭/૬૬)

જ. ગૌરી ગાય ચરીને પાછી આવી ન હતી. તેથી ગોવાળે સીમમાં ચારેકોર ફરી વળીને ગાયને શોધી પણ મળી નહિ. ત્યારે તેણે ધર્મદેવને વાત કરી. એટલે ધર્મદેવ, રામપ્રતાપ અને ઘનશ્યામને લઈ જંગલમાં ગાયને શોધવા ગયા.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમો તેમના પર હાથ મૂકો. તમારા જેવા ગુણો આવે.'' (૩૩/૫૦)

➯ શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને

➯ અઠ્ઠાવીશ વર્ષના શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની સંસ્થાના પ્રમુખપદે નિમણૂક કરી ચાદર ઓઢાડી ત્યારે બાજુમાં બેઠેલા યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજ કહે છે.

૨. ''સૌને નીતિ, ધર્મના સંસ્કાર આપ્યા. તે ખરેખર પ્રશંસનીય વાત છે.'' (૩૦/૪૫)

➯ ચિન્મયાનંદ સ્વામી - સભાને

➯ આફ્રિકા અને વિલાયત જઈને ભારત પાછા ફરેલા યોગીજી મહારાજનું મુંબઈ ષણ્મુખાનંદ હોલમાં જાહેર સન્માન કરવામાં આવ્યું. તેમને માનપત્ર આપ્યું ત્યારે સભામાં ચિન્મયાનંદ સ્વામીએ કહ્યું.

૩. ''તમારો ઝીણો મોટો થશે ત્યારે સૌ કોઈ તેને પગે પડશે.'' (૧/૨)

➯ ખેતરનો માલિક - ઝીણાની માતાને (પૂરીબાઈને)

➯ ખેતરમાં કાલાં વીણતાં બીજા બાળકો રડે પણ ઝીણો ક્યારેય રડે નહી.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. બીજા બાળકો ઝીણાભાઈની પાટીમાંથી ચોરી કરે ત્યારે ઝીણાભાઈ શું કહેતા ? (૪/૫)

જ. બીજા બાળકો ઝીણાભાઈની પાટીમાંથી ચોરી કરે ત્યારે ઝીણાભાઈ કહેતા 'ચોરી કરીને બીજાની પાટીમાંથી ન લખાય. બીજામાંથી ચોરી કરીએ તો ભગવાનને છેતર્યા કહેવાય.'

૨. ઝીણા ભગતને ત્યાગીની દીક્ષા કોણે અને ક્યાં આપી ? (૧૩/૧૯)

જ. ઝીણા ભગતને ત્યાગીની દીક્ષા આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજે વડતાલમાં આપી.

૩. યોગીજી મહારાજનો ભક્તિભાવ જોઈને ઠાકોરજી કોના ઘરે થાળ જમ્યા ? (૧૯/૨૯)

જ. યોગીજી મહારાજનો ભક્તિભાવ જોઈને ભાવનગરના પ્રભુદાસ શેઠના ઘરે ઠાકોરજી થાળ જમ્યા.

૪. 'યજ્ઞપુરુષસ્મૃતિ' એ નામનો ગ્રંથ યોગીજી મહારાજે ક્યારે પ્રગટ કરાવ્યો ? (૨૮/૪૧)

જ. ગુરુની જન્મ-શતાબ્દી પર 'યજ્ઞપુરુષસ્મૃતિ' એ નામનો ગ્રંથ યોગીજી મહારાજે પ્રગટ કરાવ્યો.

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે. (૨૪/૩૪-૩૫)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૭ | ૯ | ૧૧ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૪ | ૭ | ૧ | ૧૧ | ૬ | ૯ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો.**

**પ્ર.૧૦** 'સેવામય સંત' (૧૬/૨૨, ૨૪) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

યોગીજી મહારાજની તે વખતે ઉંમર નાની, પણ સેવામાં મહાન. વહેલી સવારથી મોડી રાત સુધી સેવા જ કર્યા કરતા, થાકે જ નહિ. સેવા વગર તેમને ચેન જ ન પડે. ભલેને ઉપવાસ કર્યો હોય તો ય સેવા તો ખરી જ. વહેલા ઊઠી, નાહી-ધોઈને રસોડામાં પહોંચી જાય. ત્રણસો રોટલા ઘડી નાખે. એક સાથે બે તાવડી પર રોટલા ચોડવતા જાય ને ઘડતા જાય. સાથે સાથે સ્વામીની વાતો, ભજનો બોલતા જાય. બધી રસોઈ પોતે જ કરે. ભલે ને ગમે તેટલા માણસો હોય ! પીરસવાનું કામ પણ પોતે જ કરે. રસોઈ કરી લે એટલે 'વાસુદેવ હરે'નો સાદ પાડી સૌને જમવા બોલાવે. સંતો અને હરિભક્તોની પંગતમાં પીરસે અને બધાને જમાડીને સૌથી છેલ્લે જ જમે. કૂવામાંથી સીંચી સીંચીને પાણી ભરે. સૌને નાહવા માટે તથા હરિભક્તોની રસોઈ માટે જોઈતું પાણી પોતે જ ભરે. રોજ વહેલા ઊઠી, મોટાં મોટાં માટલાં, દેગડા વીંછળે. પછી ગળણાથી ગાળીને પાણી ભરે. આટલી બધી સેવા પછી પણ બધા જમી લે ત્યારે વાસણ ઊટકવા જાય, મંદિરનાં મોટાં-મોટાં વાસણો મોડે સુધી ઊટક્યા કરે. તેમનું જીવન આપણને સૌને સેવાભાવી થવાનું શીખવે છે.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. યોગીજી મહારાજને યુવકોને સાધુ કરવાની ઇચ્છા હતી. (૨૭/૩૯)

જ. યોગીજી મહારાજને યુવકોને સાધુ કરી તેમને બ્રહ્મવિદ્યા ભણાવી એકાંતિકધર્મ સિદ્ધ કરાવી તેમનું આત્યંતિક કલ્યાણ કરી. તેમના દ્વારા લાખોને સત્સંગ કરાવી અક્ષરપુરુષોત્તમની ઉપાસના જગતભરમાં ફેલાવવાની ઇચ્છા હતી.

૨. યોગીજી મહારાજ ઘણીવાર વૃદ્ધ અને અંધ સાધુને સાથે લઈ ઝોળી માંગવા જતા. (૧૭/૨૫)

જ. આવા વૃદ્ધ સાધુ હોય તે તો આપણું મોટું સદ્‌ભાગ્ય કહેવાય ઘરડા સાધુની સેવા ક્યાંથી મળે ? એમની સાથે ફરવામાં એમના જ્ઞાન અને અનુભવનો લાભ મળે તે આપણું મોટું સદ્‌ભાગ્ય કહેવાય. ઝોળી ઉપાડીએ એટલે મંદિરની સેવા મળે.

૩. યોગીજી મહારાજના શબ્દો સાંભળી દાજીબાપુ ડઘાઈ ગયા. (૨૨/૩૨-૩૩)

જ. યોગીજી મહારાજનું હિસાબ સંબંધી કામ પડતાં દાજીબાપુ તેમને શોધતાં રસોડામાં આવ્યા. તો તેમને રસોઈ કરતાં જોયા. કારણ પૂછતાં યોગીજી મહારાજે કહ્યું : ‘ભંડારી સાધુ માંદા છે. મહારાજની દયાથી આ સેવાનો લાભ મને મળી ગયો છે. ઘણા વખતથી થતું હતું કે ઠાકોરજીને થાળ કરીને જમાડું. તો આજે અલભ્ય સેવા મળી ગઈ.’ આવા મહિમાના શબ્દો સાંભળી દાજીબાપુ ડઘાઈ ગયા.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, અઢારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. શ્રીજીમહારાજે સ્વહસ્તે પોતાની મૂર્તિ ક્યાં પધરાવી ? (૪/૭)

જ. શ્રીજીમહારાજે સ્વહસ્તે પોતાની મૂર્તિ વડતાલમાં પધરાવી.

૨. સામત પટેલે મહારાજનાં ચરણોમાં કેટલા રૂપિયા અર્પણ કર્યા ? (૧૧/૨૦)

જ. સામત પટેલે મહારાજનાં ચરણોમાં સાડા ચાર હજાર રૂપિયા અર્પણ કર્યા.

૩. શ્રીજીમહારાજ અને મુક્તાનંદ સ્વામીના ગુરુ કોણ હતા ? (૯/૧૫)

જ. શ્રીજીમહારાજ અને મુક્તાનંદ સ્વામીના ગુરુ રામાનંદ સ્વામી હતા.

૪. શાસ્ત્રીજી મહારાજે કેટલાં મંદિરો બાંધ્યાં ? (૧૭/૩૯)

જ. શાસ્ત્રીજી મહારાજે પાંચ મંદિરો બાંધ્યાં.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૧૮/૪૦-૪૧) **૨.** ૩, ૪ (૧૩/૨૩-૨૪) **૩.** ૧, ૨ (૫/૮-૯) **૪.** ૨, ૪ (૧૬/૩૧)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** ચાર (૧૨/૨૧) **૨.** વાળંદે (૧૧/૧૯) **૩.** પીપળે (૨૨/૪૯) **૪.** ભડલી (૧૬/૩૫)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. કરી કાઠા ઘઉંની પોળી, મેલી ધૃત સાકરમાં બોળી, કાઢ્યો રસ કેરીનો ઘોળી ...
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી, પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી ... (૧૨/૨૩)

૨. ભાવ ધરીને બોલો, જય જય અક્ષરપુરુષોત્તમ, જય જય અક્ષરપુરુષોત્તમ ...
શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મઃ, જય જય બ્રહ્મ અને પરબ્રહ્મ ... જય જય (૨૩/૫૦)

૩. વાણી અમૃતથી ભરી મધુસમી સંજીવની લોકમાં, દૃષ્ટિમાં ભરી દિવ્યતા નીરખતા સુદિવ્ય ભક્તો બધા.
હૈયે હેત ભર્યું મીઠું જનનીશું ને હાસ્ય મુખે વસ્યું, તે શ્રી જ્ઞાનજી યોગીરાજ ગુરુને નિત્યે નમું ભાવશું. (૯/૧૭-૧૮)

૪. ચરણસરોજ તમારાં, વંદું કર જોડી પ્રભુ (૨) ચરણે ચિત્ત ધર્યાથી, (૨) દુઃખ નાખ્યા તોડી.... જય ૦
નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ-ધારી, પ્રભુ (૨) પામર પતિત ઉદ્ધાર્યા, (૨) અગણિત નરનારી. (૯/૧૭)

**પ્ર.૧૬** ‘‘કોઈ ભગવાન સંભારે.....’’(૧૬/૩૨-૩૩) - **‘સ્વામીની વાત’ પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**‘‘કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી ને તેનાં લૂગડાં મારે ધોવરાવવાં ને તેને મારે બેઠાં ખાવા દેવું.’’**

જે માણસ ભગવાન ભજે છે તેની બધી ચિંતા ભગવાન માથે લઈ લે છે. કોઈ આખો દિવસ ભગવાન ભજે તો તેને ખાવા-પીવાનું તથા કપડાં પણ ભગવાન આપે પણ વિશ્વાસ હોવો જોઈએ. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય બાળમુકુંદ સ્વામી આ વાત ચલાળાના મંદિરમાં બોલ્યા. ત્યારે કેટલાક શિષ્યો કહે : ‘આપણે રસોઈ ન બનાવીએ ને બેઠાં બેઠાં ભજન કર્યા કરીએ તો કાંઈ જમવા મળે ? ભગવાન કાંઈ જમવાનું આપી જાય ? માટે આ વાત સાચી લાગતી નથી.’ બાળમુકુંદ સ્વામી કહે : ‘આ વાત સાચી જ છે. આપણે સૌ ભજન કરીએ તો ભગવાન ખાવા આપે જ. ચાલો, સૌ ભજન કરવા માંડીએ, કોઈ શંકા

ન કરશો. આ વાત સાચી જ છે, માટે ભગવાન ખાવા આપશે જ. સૌ સવારથી ભજન કરવા બેસી ગયા. અગિયાર, સાડા અગિયાર થયા પણ કાંઈ ખાવાનું આવ્યું નહિ. કેટલાકને શંકા થઈ. સ્વામી કહે કે 'કોઈ મૂંઝાશો નહિ, ભજન કરવા માંડજો.' બરાબર બાર વાગ્યે એક હરિભક્ત ગાંઠિયા, ગોળપાપડી, લાડુ વગેરે લઈ આવ્યા ને સ્વામીને કહે : 'આ ચોખ્ખો નાસ્તો છે તો ધરાવીને સૌ સંતોને જમાડો.' સ્વામીએ સંતોને કહ્યું : 'જુઓ, ભગવાને જમવાનું મોકલ્યું ને ?' હરિભક્તને પણ પૂછ્યું કે 'તમે અહીં ક્યાંથી ?' તેમણે કહ્યું કે 'મારા દિકરાની જાન લઈને અમે અમરેલી જતા હતા. અત્યારે જમવાનો સમય થયો તેથી ગાડાં છોડી અમે ઝાડ નીચે જમવાની તૈયારી કરતા હતા ત્યાં ગામના માણસ નીકળ્યા. તેમણે કહ્યું કે સ્વામી મંદિરમાં છે. તેથી અમને થયું કે સંતોને જમાડીને જમીએ. આમ, ભજન કર્યું તો ભગવાને જમવાનું મોકલ્યું. ભજન કરવાથી ખૂબ લાભ થાય છે.

**પ્ર.૧૭** 'ભાલની બીબડી' (૧૪/૨૫) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**

**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, સ્ત્રી, પુરુષ કે બાળક હોય, ભગવાન સૌનું કલ્યાણ કરે છે.

૨. ભાલ દેશના સોઢી ગામમાં રહેતી મુસલમાન બાઈએ પોતાના આંગણામાં ખુદાને માટે બાવળિયો ઉછેર્યો હતો.

૩. ફરતાં ફરતાં શ્રીજીમહારાજ આ ગામના પાદરે આવીને નાહવા રોકાયા ત્યારે સુરાખાચરને દાતણ લઈ આવવાનું કહે છે.

૪. સુરાખાચરે બીબી પાસે દાતણ માંગતાં તેણે કહ્યું 'આ દાતણ તો ખુદાને માટે છે અને એ જો ખુદા હોય તો હું જાતે દાતણ આપવા આવું.'

૫. દાતણ આપતાં તેણે મહારાજને પ્રાર્થના કરી કે 'મને અંત સમયે તેડવા આવજો અને તેનો દેહ પડવાનો થયો ત્યારે મહારાજ દાતણ લઈને આવ્યા અને બીબીને અક્ષરધામમાં લઈ ગયા.

❑ ❑ ❑